**રે.દિ.મુ.નં.૧૧૨/૨૦૧૬**

## -: **આંક – ૧૭ હેઠળ હુકમ** :-

સાંભળ્યા.અરજી વંચાાણે લીદી.આંક– ૨૦ અને ૨૧ થી રજુ જવાબ વંચાાણે લીધો.

વાદીએ હાલની આ અરજી દાવાવાળી જમીનના માપણી સીટી સર્વે સુપ્રી. ને કોર્ટ કમિશ્નર તરીકે નીમી કરવા માટે કરેલી છે. વાદી તર્ફે વ.શ્રી પંચાલની મુખ્યત્વે દલીલો છે કે પ્રતિવાદીઓએ વાદીની જમીનમાં દબાણ કરેલુ છે. વાદીની જમીન ખુલ્લી છે અને પ્રતિવાદીઓએ તેમનું મકાન બાંધીને કંપાઉન્ડ વોલ કરી વાદીની ખુલ્લી જમીન પર દબાણ કરેલુ છે. આથી,વાદીની જમીનની સ્થળ ઉપર માપણી થાય તો સત્ય હકીકત રેકર્ડ ઉપર આવી શકે.

આ સામે પ્રતિવાદીઓ તર્ફે વ.શ્રી પંડયાની દલીલ છે કે વાદીએ વાદીએ દાવો દાખલ કરતા પહેલાં માપણી કરાવવી જોઈતી હતી, વાદીનો દાવો ખોટો છે,ગે.કા.પુરાવો ઉભો કરવાના બદ–ઈરાદે હાલની આ અરજી કરેલ છે. આથી ના–મંજુર કરવા અરજ છે.

બંને પક્ષની દલીલો તથા દીવાની કાર્યરીતી સંહિતા, ૧૯૦૮ ના હુકમ – ૨૬ ને લક્ષ્યમાં લેતાં વાદીની નિશાની – ૩/૧ માં દર્શાવેલી જમીનની સ્થળ પર સ્થિતી શું છે તે રેકર્ડ ઉપર જાણવા માટે અને દાવાના ન્યાયિક નિકાલ માટે સ્થળ સ્થિતી ઉપર પ્રવર્તમાન પરિસ્થિતી જાણવી જરૂરી છે. આથી, હાલની આ અરજી મંજુર કરવામાં આવે છે.

સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટને આથી દાવાવાળી જગ્યા સીટી સર્વે નંબર – ૬૯૫/બ તથા સીટી સર્વે નંબર – ૭૦૦ ની સ્થળ ઉપર માપણી કરી કોર્ટ કમિશ્નર તરીકે પંચનામુ અને નકશો તૈયાર કરવા માટે નીમણુક કરવામાં આવે છે. માપણી અંગેના ખર્ચની રકમ વાદીએ સીટી સર્વે કચેરીમાં ભરવી તેમજ અત્રેની કોર્ટથી સીટી સર્વે સુપ્રી.ને કમિશનપત્ર ઈસ્યુ કરવુ.

વાદી વ.શ્રીની પુરસીસ તેમજ રજુઆતને આધારે ગ્રામ પંચાયત પ્રોપર્ટી નંબર અંગે દાવા અરજી, હાલની આ અરજી તેમજ નિશાની – ૩/૧ ના દસ્તાવેજમાં ફેર હોય અને અરજમાં ટાઈપીંગ મિસ્ટેક હોવાની રજુઆત તેમજ ગ્રામ પંચાયત પ્રોપર્ટી પુરતુ કોર્ટ કમિશ્નરની દાદ વાદી વ.શ્રી ડ્રોપ કરતા હોય માત્ર સીટી સર્વે નંબર – ૬૯૫/બ તથા સીટી સર્વે નંબર – ૭૦૦ પુરતો જ માપણીનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૭ માહે ઓગસ્ટ સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૮/૨૦૨૨
ઝગડીયા

(પી.પી.મોકાશી)
એડી.સીનીયર સીવીલ જજ
ઝગડીયા